સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 05

[JAN/FEB - 2020]
[26/01/20 to 01/02/20]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

ICE CURRENT NEWS
WEEK 05
વીડિયો જોવા માટે અહીં CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં CLICK કરો

દરેક નવા વીડિયોના NOTIFICATION માટે BELL icon PRESS કરો.

## CURRENT TOPICS

- પદ્મ પુરસ્કાર 2020
- બટાટાના ઉત્પાદનમાં અગ્રેસર ગુજરાતમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે 'ગ્લોબલ પોટેટો કોન્કલેવ 2020' યોજાઇ
- સુશ્રી રાની રામપાલ 'વર્લ્ડ ગેમ્સ એથ્લિટ ઓફ દ યર એવોર્ડ' જીતનાર વિશ્વના પ્રથમ હોકી ખેલાડી બન્યા
- ચીનના હુબઇ પ્રાંતમાં વ્યાપક રીતે ફેલાયેલા કોરોના વાયરસનો ભારતમાં પ્રથમ કેસ નોંધાયો
- City Momentum Index 2020માં વિશ્વના સૌથી વધુ ડાયનેમિક શહેરોમાં હૈદરાબાદ પ્રથમ
- અમેરિકાના પ્રસિદ્ધ બાસ્કેટબોલ ખેલાડી શ્રી કોબી બ્રાયન્ટનું હેલિકોપ્ટર દુર્ઘટનામાં નિધન


WWW.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :
Telegram : t.me/icerajkotofficial
Instagram : icerajkot

## 26 JANUARY, 2020 SUNDAY

**➤ દિવસ મહિમા : 26 જાન્યુઆરી, (1) રાષ્ટ્રીય પ્રજાસત્તાક દિન**
**(2) વિશ્વ કસ્ટમ દિવસ**

### 71મા પ્રજાસત્તાક દિવસની રાષ્ટ્રકક્ષાની ઉજવણી

26 જાન્યુઆરી, 2020ના રોજ સમગ્ર ભારતમાં 71મા પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી છે.

- આ પ્રસંગે ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે નવી દિલ્હીમાં રાજપથ ખાતે તિરંગો લહેરાવી સલામી આપી હતી.

### 71મા પ્રજાસત્તાક પર્વના મુખ્ય અતિથિ

ભારતમાં 71મા પ્રજાસત્તાક પર્વના મુખ્ય અતિથિ તરીકે બ્રાઝિલના રાષ્ટ્રપતિ શ્રી જેર બોલ્સોનારો ઉપસ્થિત રહ્યા હતા.

- શ્રી જેર બોલ્સોનારોની આ ભારત મુલાકાત દરમિયાન ભારત અને બ્રાઝિલ વચ્ચે 15 કરારો પર હસ્તાક્ષર થયા હતા.

### ગુજરાતના 'રાણીની વાવ : જલ મંદિર'ના ટેબ્લોનું ભારે આકર્ષણ

26 જાન્યુઆરી, 2020ના રોજ નવી દિલ્હી ખાતે 71મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી નિમિત્તે યોજાયેલી પરેડમાં ગુજરાત તરફથી 'રાણીની વાવ : જલ મંદિર' વિષયક ટેબ્લોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

- ગુજરાતનું આ ટેબ્લો ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

### ભારત પર્વ 2020

26 જાન્યુઆરી, 2020ના રોજ ભારતમાં નવી દિલ્હીના લાલ કિલ્લા ખાતે 'ભારત પર્વ 2020' નામના કાર્યક્રમનો શુભારંભ થયો છે.

- ભારતમાં પ્રવાસન મંત્રાલયના વિશેષ સચિવ અને નાણા સલાહકાર શ્રી રાજીવ કુમાર ચતુર્વેદીએ નગારુ વગાડીને અને તિરંગા ફુગ્ગા ઉડાડીને તેનો શુભારંભ કરાવ્યો હતો.
- નવી દિલ્હીના લાલ કિલ્લાના મેદાનમાં 26થી 31 જાન્યુઆરી, 2020 દરમિયાન યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ભારતના વિવિધ પર્યટન સ્થળોની મુલાકાત માટે ભારતના નાગરિકોને પ્રોત્સાહન આપવાનો છે.
- ભારત પર્વ 2020ની મુખ્ય થીમ 'એક ભારત શ્રેષ્ઠ ભારત' અને 'મહાત્મા ગાંધીજીની 150મી જયંતી સમારોહ' હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### 71મા પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી

26 જાન્યુઆરી, 2020ના રોજ ગુજરાતમાં 71મા પ્રજાસત્તાક દિવસની રાજ્યકક્ષાની ઉજવણી ગુજરાતના રાજકોટ જિલ્લામાં કરવામાં આવી હતી.

- આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે રાજકોટના રેસ કોર્ષ ગ્રાઉન્ડ ખાતે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં રાષ્ટ્રધ્વજ લહેરાવી તેને સલામી આપી હતી.
- રાજકોટ જિલ્લામાં પ્રજાસત્તાક પર્વની આ ઉજવણી અંતર્ગત 25 જાન્યુઆરી, 2020ના રોજ રાજકોટ જિલ્લાના ગોંડલ ખાતે મહિલા સંમેલનનું આયોજન થયું હતું.
- જેમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સંબોધન કર્યું હતું.
- આ ઉપરાંત ગોંડલ ખાતે યોજાયેલા આ મહિલા સંમેલનમાં એક સાથે 6882 ગંગાસ્વરૂપ બહેનોના પોસ્ટ ખાતા ખોલવાનો રેકોર્ડ પણ 'ઇન્ડિયા બૂક'માં નોંધાયો હતો.
- આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગોંડલ ખાતેથી 'વ્હાલી દીકરી યોજના'નો લોગો પણ લોન્ચ કર્યો હતો.

- 25 જાન્યુઆરી, 2020ના રોજ 71મા પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી નિમિત્તે રાજકોટની આત્મીય યુનિવર્સિટી ખાતે યોજાયેલા 'વિશ્વ યુવા સંમેલન'ને પણ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સંબોધન કર્યું હતું.
- પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાએ રાજકોટના શાસ્ત્રી મેદાન ખાતે યોજાયેલા હસ્તકલા પ્રદર્શનને પણ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ખુલ્લું મૂક્યું હતું.

## 26 જાન્યુઆરીને પ્રજાસત્તાક દિવસ તરીકે શા માટે ઉજવવામાં આવે છે ?

આઝાદી પૂર્વે ભારત પર અંગ્રેજોનું શાસન હતું. ભારત અને પાકિસ્તાન બંને એક સાથે આઝાદ થયા હતા તેમ છતાં પાકિસ્તાન ઈ.સ. 1956 સુધી બ્રિટનના તાબા હેઠળ રહ્યું હતું. જ્યારે ભારત અંગ્રેજોના તાબા હેઠળ ન રહ્યું અને 1949માં બંધારણની રચના વખતથી જ તેણે પોતાને 'પ્રજાસત્તાક' જાહેર કરી દીધું હતું.

જોકે આઝાદી બાદ ભારત આંતરિક રીતે સ્વતંત્ર હતું પરંતુ બાહ્યરૂપથી બ્રિટિશ રાજ્યને આધીન હતું. આથી બ્રિટનના તત્કાલિન રાજા જ્યોર્જ છઠ્ઠાના પ્રતિનિધિ તરીકે લોર્ડ માઉન્ટબેટનને સ્વતંત્ર ભારતના પ્રથમ ગવર્નર જનરલ બનાવવામાં આવ્યા હતા. આ સમયે આ ગવર્નર જનરલ જ ભારતનું પ્રતિનિધિત્વ કરતા હતા. આઝાદી બાદ ભારતના બંધારણની રચના કરવામાં આવી. ભારતીય બંધારણના આમુખમાં ભારતને 'પ્રજાસત્તાક' જાહેર કરવામાં આવ્યું. પ્રજાસત્તાક એટલે 'લોકો દ્વારા અને લોકો માટેનું શાસન'. ભારતનું આમુખ સ્પષ્ટ શબ્દોમાં જાહેર કરે છે કે બંધારણ હેઠળ તમામ અધિકૃતતાનો સ્ત્રોત ભારતના લોકો જ છે. અને ભારત પર કોઈ બાહ્ય અધિકૃતતાને અવકાશ નથી.

26 જાન્યુઆરી, 1950ના રોજ ભારતનું બંધારણ અમલમાં આવ્યું અને આ સાથે જ બ્રિટનના રાજા કે સમ્રાટની ભારત પરની કાનૂની કે બંધારણીય અધિકૃતતા સમાપ્ત થઈ ગઈ. ભારત આંતરિક તેમજ બાહ્ય એમ બંને રીતે સ્વતંત્ર થઈ ગયું. ભારતમાં ગવર્નર જનરલના પદનો અંત આવ્યો અને ડૉ. રાજેન્દ્ર પ્રસાદ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ બન્યા અને ભારત કાનૂની દૃષ્ટિએ સાચા અર્થમાં 'પ્રજાસત્તાક' રાષ્ટ્ર બન્યું.

આથી જ દર વર્ષે 26 જાન્યુઆરીનો દિવસ ભારતમાં 'પ્રજાસત્તાક દિન' તરીકે ઉજવાય છે.

**નોંધ :** (1) લોર્ડ માઉન્ટ બેટન સ્વતંત્ર ભારતના પ્રથમ ગવર્નર જનરલ હતા. શ્રી જવાહરલાલ નહેરુને ભારતના પ્રથમ વડાપ્રધાન તરીકેના શપથ લોર્ડ માઉન્ટ બેટને જ અપાવ્યા હતા.

(2) લોર્ડ માઉન્ટ બેટન બાદ જૂન 1948થી 26 જાન્યુઆરી, 1950 સુધી શ્રી સી. રાજગોપાલાચારી ભારતના ગવર્નર જનરલના પદે રહ્યા હતા. શ્રી સી. રાજગોપાલાચારી ભારતના અંતિમ (તથા એકમાત્ર ભારતીય) ગવર્નર જનરલ હતા.

## પ્રજાસત્તાક દેશ કોને કહે છે ?

જે દેશના રાષ્ટ્રપ્રમુખ વંશ પરંપરાગત રીતે ન આવતા પ્રત્યક્ષ કે પરોક્ષ ચૂંટણી દ્વારા ચૂંટાઈને આવે તેવા જ દેશને પ્રજાસત્તાક કહેવાય છે.

## ભારતના બંધારણની રચનાનો સંક્ષિપ્ત ઈતિહાસ

### બંધારણ નિર્માણનો સૌપ્રથમ પ્રયાસ

- ભારતના બંધારણના નિર્માણનો સૌપ્રથમ પ્રયાસ 10 ઓગસ્ટ, 1928ના રોજ રજૂ થયેલા નહેરુ રિપોર્ટમાં થયો હતો.
- આથી 'નહેરુ રિપોર્ટ'ને બંધારણની 'બ્લૂપ્રિન્ટ' કહેવામાં આવે છે.
- આ રિપોર્ટ શ્રી મોતિલાલ નહેરુની અધ્યક્ષતામાં બનેલી એક સમિતિ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો.

## બંધારણ સભાના અધ્યક્ષ

- ભારતના બંધારણના નિર્માણ માટે બંધારણ સભાની પ્રથમ બેઠક 9 ડિસેમ્બર, 1946ના રોજ નવીદિલ્હીના વર્તમાન સંસદ ભવનના સેન્ટ્રલ હોલમાં મળી હતી.
- બંધારણ સભાની આ પ્રથમ બેઠકમાં બંધારણ સભાના કાર્યકારી અધ્યક્ષ તરીકે ડો. સચ્ચિદાનંદ સિન્હાની નિમણૂક કરવામાં આવી હતી.
- જોકે ત્યારબાદ 11 ડિસેમ્બર, 1946ના રોજ ડો. રાજેન્દ્ર પ્રસાદ બંધારણ સભાના કાયમી અધ્યક્ષ તરીકે ચૂંટાઈ આવ્યા હતા.

## ઉદ્દેશ પ્રસ્તાવ

- બંધારણ સભામાં 13 ડિસેમ્બર, 1946ના રોજ શ્રી જવાહર લાલ નહેરુ દ્વારા 'ઉદ્દેશ પ્રસ્તાવ' રજૂ કરવામાં આવ્યો હતો.
- 22 જાન્યુઆરી, 1947ના રોજ આ 'ઉદ્દેશ પ્રસ્તાવ' સ્વીકારવામાં આવ્યો. આગળ જતાં આ 'ઉદ્દેશ પ્રસ્તાવ' બંધારણનું 'આમુખ' બન્યો.

## બંધારણ સભાના કાર્યો

- બંધારણ સભાના મુખ્ય બે કાર્યો હતા :

  (1) બંધારણનું નિર્માણ અને (2) દેશ માટે સામાન્ય કાયદાઓનું ઘડતર
- જ્યારે બંધારણ સભા બંધારણના નિર્માણ માટે મળતી હતી ત્યારે તેના અધ્યક્ષ ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રહેતા.
- અને બંધારણ સભા જ્યારે દેશ માટે સામાન્ય કાયદાઓનું ઘડતર કરવા માટે મળતી ત્યારે એક ધારાકીય સંસ્થા (અથવા તો સંસદ) તરીકેની તેની ભૂમિકા રહેતી હતી. આ દરમિયાન તેના અધ્યક્ષ શ્રી ગણેશ વાસુદેવ માવળંકર રહેતા હતા.

## ધારાકીય સંસ્થા (સંસદ) તરીકે બંધારણ સભા

- એક ધારાકીય સંસ્થા (અથવા તો સંસદ) તરીકે બંધારણ સભા સૌપ્રથમ વખત 17 નવેમ્બર, 1947ના રોજ મળી હતી અને આ બેકઠમાં જ શ્રી ગણેશ વાસુદેવ માવળંકર સ્પીકર તરીકે ચૂંટાઈ આવ્યા હતા.
- બંધારણ સભા સ્વતંત્ર ભારતની પ્રથમ સંસદ બની હતી.

## મુસદ્દા સમિતિ

- ભારતના બંધારણના ઘડતર માટે અનેક સમિતિઓની રચના કરવામાં આવી હતી. આ તમામ સમિતિઓમાં મુસદ્દા (અથવા પ્રારૂપ અથવા તો ખરડા) સમિતિ સૌથી મહત્ત્વની હતી.
- આ સમિતિનું કાર્ય બંધારણનું પ્રારૂપ તૈયાર કરવાનું હતું.
- આ સમિતિમાં કુલ 7 સભ્યો હતા.
- આ સમિતિના અધ્યક્ષ તરીકે ડો. બાબાસાહેબ આંબેડકરની નિમણૂક કરવામાં આવી હતી.

## બંધારણ નિર્માણ સ્વીકાર અને અમલ

- બંધારણ સભા દ્વારા કુલ 11 સત્રો યોજીને 2 વર્ષ, 11 મહિના અને 18 દિવસમાં બંધારણ તૈયાર કરવામાં આવ્યું હતું.
- બંધારણના વિવિધ ભાગોના અભ્યાસ માટે બંધારણ સભાની કુલ 166 બેઠકો મળી હતી.
- બંધારણ સભાએ બંધારણનું

  પ્રથમ વાંચન : 17 ઓક્ટોબર, 1949, બીજું વાંચન : 16 નવેમ્બર, 1949 અને ત્રીજું વાંચન : 26 નવેમ્બર, 1949 ના રોજ પૂરું કર્યું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- 26 નવેમ્બર, 1949ના રોજ ભારતીય બંધારણનો સ્વીકાર કરવામાં આવ્યો હતો અને બંધારણ સભાના કુલ 299 સભ્યોમાંથી તે સમયે હાજર 284 સભ્યોએ બંધરણ પર હસ્તાક્ષર કર્યા હતા.
- અને નાગરિકત્વ, ચૂંટણીઓ, કામચલાઉ સંસદ, કામ ચલાઉ અને પરિવર્તનશીલ જોગવાઈઓ તાત્કાલિક એટલે કે 26 નવેમ્બર, 1949ના રોજ અમલમાં આવી ગઈ.
- ત્યારબાદ 26 જાન્યુઆરી, 1950ના રોજ ભારતના સંપૂર્ણ બંધારણનો અમલ કરવામાં આવ્યો.

નોંધ : (1) ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે ઈ.સ. 1930ના લાહોર અધિવેશનમાં 26 જાન્યુઆરીને 'પૂર્ણ સ્વરાજ દિવસ' તરીકે ઉજવવાનું નક્કી કર્યું હતું. આથી 26 જાન્યુઆરીના રોજ ભારતનું સંપૂર્ણ બંધારણ લાગુ કરવામાં આવ્યું હતું.

(2) બંધારણ સભા દ્વારા 24 જાન્યુઆરી, 1950ના રોજ ભારતના રાષ્ટ્રગીત અને રાષ્ટ્રગાનનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

(3) ભારતમાં 26 નવેમ્બર, 1949ના રોજ બંધારણનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. આથી ભારતમાં નવેમ્બર 'કાયદા દિવસ' અથવા તો 'બંધારણ દિવસ' તરીકે ઉજવાય છે.

## ભારતીય બંધારણના પરીક્ષાલક્ષી અત્યંત મહત્ત્વના કેટલાક સુધારાઓ

ભારતીય બંધારણના ભાગ-20ના અનુચ્છેદ 368 અનુસાર ભારતના બંધારણમાં સુધારો થઈ શકે છે.

- આ અંતર્ગત 26 જાન્યુઆરી, 2020 સુધીમાં ભારતના બંધારણમાં કુલ 104 સુધારાઓ થયા છે.
- તાજેતરમાં ભારતની લોકસભા અને રાજયની વિધાનસભાઓમાં SC તથા ST સમુદાય માટે અનામત બેઠકો રાખવા અંગેની મુદત 10 વર્ષ વધારવા માટે ભારતના બંધારણમાં 104મો સુધારો કરવામાં આવ્યો છે. ભારતીય બંધારણમાં અત્યાર સુધી થયેલા 104 સુધારાઓમાંથી પરીક્ષાની દૃષ્ટિએ અત્યંત અગત્યના કેટલાક સુધારાઓ આ પ્રમાણે છે :

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### 7મો બંધારણીય સુધારો, 1956

રાજ્ય પુનર્રચના પંચના રિપોર્ટ અનુસાર ભાષાને આધારે રાજ્યોની પુનર્રચના કરવા માટે ભારતના બંધારણમાં આ સુધારો કરવામાં આવ્યો હતો.

- આઝાદી સમયે ભારતમાં ક, ખ, ગ, ઘ એમ કુલ ચાર વર્ગોમાં રાજ્યો અસ્તિત્વમાં હતા.
- આ સાતમા બંધારણીય સુધારાથી ભારતમાં આ ચાર વર્ગોના રાજ્યોની જગ્યાએ નવા 14 રાજ્યો અને 6 કેન્દ્રશાસિત પ્રદેશો અસ્તિત્ત્વમાં આવ્યા.

### 42મો બંધારણીય સુધારો, 1976

બંધારણનો 42મો સુધારો સૌથી મહત્ત્વનો બંધારણીય સુધારો છે. તેને 'મિની કોન્સ્ટીટયુશન' અથવા તો 'લઘુ બંધારણ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

- આ સુધારા દ્વારા શ્રી સ્વર્ણ સિંહ સમિતિની ભલામણો લાગુ કરવામાં આવી હતી. આ સુધારાની કેટલીક મુખ્ય જોગવાઈઓ આ પ્રમાણે છે :

(1) બંધારણના આમુખમાં 'સમાજવાદી', 'ધર્મનિરપેક્ષ' અને 'અખંડતા' એમ કુલ નવા ત્રણ શબ્દો ઉમેરાયા.
(2) બંધારણમાં નવા ભાગ 4–ક દ્વારા મૂળભૂત ફરજો ઉમેરવામાં આવી.
(3) કેબિનેટની સલાહ રાષ્ટ્રપતિ માટે બંધનકર્તા બનાવવામાં આવી.
(4) લોકસભા અને વિધાનસભા કાર્યકાળને 5 વર્ષથી 6 વર્ષ કરાયા.
(5) બંધારણીય સુધારાઓને ન્યાયિક તપાસમાંથી મુક્ત કરવામાં આવ્યા.
(6) ત્રણ નવા માર્ગદર્શક સિદ્ધાંતનો ઉમેરો.

## 44મો બંધારણીય સુધારો, 1978

42મા બંધારણીય સુધારા દ્વારા લાગુ કરવામાં આવેલી કેટલીક જોગવાઈઓને રદ કરવા માટે જનતા સરકાર દ્વારા આ 44મો બંધારણીય સુધારો કરવામાં આવ્યો હતો. જેની કેટલીક મુખ્ય જોગવાઈઓ આ પ્રમાણે છે :

(1) લોકસભા અને વિધાનસભાની મુદત પૂર્વવત્ 5 વર્ષ કરવામાં આવી.

(2) રાષ્ટ્રીય કટોકટીના સંદર્ભમાં 'આંતરિક અશાંતિ' શબ્દની જગ્યાએ 'સશસ્ત્ર વિદ્રોહ' શબ્દ ઉમેરવામાં આવ્યો.

(3) ફક્ત કેબિનેટની લેખિત ભલામણ દ્વારા જ રાષ્ટ્રપતિ રાષ્ટ્રીય કટોકટીની જાહેરાત કરી શકે તેવી જોગવાઈ કરવામાં આવી.

(4) મૂળભૂત અધિકારોની યાદીમાંથી સંપત્તિનો અધિકાર સમાપ્ત કરવામાં આવ્યો અને તેને ફક્ત કાનૂની અધિકાર બનાવવામાં આવ્યો.

(5) રાષ્ટ્રીય કટોકટી વખતે અનુચ્છેદ 20 અને 21 દ્વારા આપવામાં આવેલા મૂળભૂત અધિકારો પર રોક લગાવી શકાશે નહિ.

## 52મો બંધારણીય સુધારો, 1985

આ સુધારો પક્ષ–પલટા વિરોધી કાયદા તરીકે ઓળખાય છે. આ સુધારા દ્વારા બંધારણમાં 10મી અનુસૂચિ જોડવામાં આવી. તેમાં સંસદ કે વિધાનસભાનો કોઈ સભ્ય પક્ષ બદલે તો તેનું સભ્યપદ સમાપ્ત કરવાની જોગવાઈ છે.

## 61મો બંધારણીય સુધારો, 1989

આ સુધારાથી મતાધિકારની વય મર્યાદા 21 વર્ષથી ઘટાડીને 18 વર્ષ કરવામાં આવી.

## 73મો બંધારણીય સુધારો, 1992

આ સુધારાથી પંચાયતીરાજ વ્યવસ્થા અમલમાં આવી. આ માટે બંધારણમાં ભાગ-9 અને પરિશિષ્ટ-11 ઉમેરવામાં આવ્યા.

## 74મો બંધારણીય સુધારો, 1992

આ સુધારા દ્વારા નગરપાલિકા (શહેરી સ્થાનિક સંસ્થાઓ)ને બંધારણીય સ્થિતિ અને સુરક્ષા આપવામાં આવી. આ માટે બંધારણમાં ભાગ-9ક અને પરિશિષ્ટ-12 ઉમેરવામાં આવ્યા.

## 86મો બંધારણીય સુધારો, 2002

આ સુધારા દ્વારા 6 થી 14 વર્ષના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો મૂળભૂત અધિકાર આપવામાં આવ્યો. આ માટે બંધારણમાં અનુચ્છેદ-21(ક) તથા 51(ક)(ઢ) ઉમેરવામાં આવી. જેના દ્વારા નવી 11મી મૂળભૂત ફરજ અસ્તિત્વમાં આવી.

## 93મો બંધારણીય સુધારો, 2006

આ સુધારા દ્વારા સામાજિક અને શૈક્ષણિક દષ્ટિએ પછાતો માટે એટલે કે અન્ય પછાત વર્ગ (OBC) માટે શૈક્ષણિક સંસ્થાઓમાં અનામતની વ્યવસ્થા કરવામાં આવી. આ માટે અનુચ્છેદ-15માં પરિવર્તન કરવામાં આવ્યું.

## 94મો બંધારણીય સુધારો, 2011

આ સુધારા દ્વારા ભારતમાં સહકારી મંડળીઓને બંધારણીય સ્થાન અને સંરક્ષણ આપવામાં આવ્યું.

## 101મો બંધારણીય સુધારો, 2016

ભારતમાં GST (ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ) લાગુ કરવા માટે આ સુધારો કરવામાં આવ્યો છે.

## 103મો બંધારણીય સુધારો, 2019

ભારતમાં જનરલ કેટેગરીના આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને સરકારી નોકરીઓ તથા શિક્ષણ સંસ્થાઓમાં અનામત આપવા માટે આ સુધારો કરવામાં આવ્યો છે. આ માટે બંધારણમાં અનુચ્છેદ 15(6) અને 16(6) ઉમેરવામાં આવી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ICE ? Questions

1. 'વિશ્વ કસ્ટમ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 24 જાન્યુઆરી (B) 25 જાન્યુઆરી (C) 26 જાન્યુઆરી (D) 27 જાન્યુઆરી — (C)

2. 26 જાન્યુઆરી 2020ના રોજ ભારતમાં કેટલામા પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી હતી ?
(A) 68મા (B) 70મા (C) 71મા (D) 72મા — (C)

3. ભારતમાં 71મા પ્રજાસત્તાક દિવસની ઉજવણીના મુખ્ય અતિથિ તરીકે કોણ ઉપસ્થિત રહ્યું હતું ?
(A) શ્રી જેર બોલ્સોનારો (B) શ્રી બોયકો બોરિસોવ
(C) શ્રી ડીન બેરો (D) શ્રી જસ્ટિન ટ્રુડો — (A)

4. ભારતમાં 71મા પ્રજાસત્તાક દિવસની ઉજવણીના મુખ્ય અતિથિ તરીકે કયા દેશના રાષ્ટ્રપતિ શ્રી જેર બોલ્સોનારો ઉપસ્થિત રહ્યા હતા ?
(A) ફ્રાન્સ (B) બ્રિટન (C) ઓસ્ટ્રેલિયા (D) બ્રાઝિલ — (D)

5. 26 જાન્યુઆરી, 2020ના રોજ નવી દિલ્હી ખાતે યોજાયેલી ભારતના પ્રજાસત્તાક પર્વની પરેડમાં ગુજરાત તરફથી કયા ટેબ્લોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું ?
(A) રાણીની વાવ : શક્તિ મંદિર (B) રાણીની વાવ : જલ મંદિર
(C) રાણીની વાવ : દિવ્ય મંદિર (D) રાણીની વાવ : શૌર્ય મંદિર — (B)

6. 26થી 31 જાન્યુઆરી 2020 દરમિયાન ભારતના કયા શહેરમાં 'ભારત પર્વ 2020'નું આયોજન થયું હતું ?
(A) નવી દિલ્હી (B) ગાંધીનગર (C) બેંગાલુરુ (D) વારાણસી — (A)

7. 26 જાન્યુઆરી 2020ના રોજ ગુજરાતમાં પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી કયા જિલ્લામાં કરવામાં આવી હતી ?
(A) જામનગર (B) ભાવનગર (C) રાજકોટ (D) સુરેન્દ્રનગર — (C)

8. 25 જાન્યુઆરી, 2020ના રોજ ગુજરાતના કયા શહેરમાં યોજાયેલા મહિલા સંમેલનમાં એક સાથે 6882 ગંગા સ્વરૂપ બહેનોના પોસ્ટ ખાતા ખોલવાનો રેકોર્ડ 'ઈન્ડિયા બુક'માં નોંધાયો હતો ?
(A) જેતપુર (B) રાજકોટ (C) ચોટીલા (D) ગોંડલ — (D)

9. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના કયા શહેરમાં યોજાયેલા મહિલા સંમેલનમાં 'વ્હાલી દિકરી યોજના'નો લોગો લોન્ચ કર્યો હતો ?
(A) ગાંધીનગર (B) અમદાવાદ (C) ગોંડલ (D) રાજકોટ — (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 27 JANUARY, 2020 MONDAY

### ➤ પદ્મ પુરસ્કાર 2020




ભારતમાં દર વર્ષે **'પ્રજાસત્તાક દિન'** નિમિત્તે પ્રજાસત્તાક દિવસની પૂર્વ સંધ્યાએ **'પદ્મ પુરસ્કાર'** વિજેતાઓની જાહેરાત કરવામાં આવે છે.

- આ અંતર્ગત 25 જાન્યુઆરી 2020ના રોજ વર્ષ 2020ના **પદ્મ પુરસ્કાર** માટે કુલ 141 મહાનુભાવોના નામની જાહેરાત કરવામાં આવી છે.
- જેમાંથી 7 વ્યક્તિઓની **પદ્મ વિભૂષણ**, 16ની **પદ્મ ભૂષણ** અને 118 વ્યક્તિઓની **પદ્મ શ્રી** એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે.
- વર્ષ 2020 માટેના પદ્મ પુરસ્કાર વિજેતાઓની યાદીમાં **33 મહિલાઓ** તથા **18 ફોરેનર**નો સમાવેશ થાય છે.
- તેમજ વર્ષ 2020માં કુલ 12 વ્યક્તિઓને **મરણોપરાંત** આ એવોર્ડ એનાયત થયો છે.
- જ્યારે આ યાદીમાં **ગુજરાત**ના 8 મહાનુભાવોનો સમાવેશ થયો છે. જેમાંથી 1 વ્યક્તિની **પદ્મ ભૂષણ** અને 7 મહાનુભાવોની **પદ્મ શ્રી** પુરસ્કાર માટે પસંદગી કરવામાં આવી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**પદ્મ વિભૂષણ 2020 વિજેતા મહાનુભાવો**

| ક્રમ | નામ | ક્ષેત્ર | રાજ્ય |
|---|---|---|---|
| 1 | શ્રી જ્યોર્જ ફર્નાન્ડિસ (મરણોપરાંત) | રાજનીતિ | બિહાર |
| 2 | શ્રી અરૂણ જેટલી (મરણોપરાંત) | રાજનીતિ | દિલ્હી |
| 3 | શ્રીમતી સુષ્મા સ્વરાજ (મરણોપરાંત) | રાજનીતિ | દિલ્હી |
| 4 | શ્રી વિશ્વેશતીર્થ સ્વામીજી, શ્રી પજવરા અધોખજ મઠ ઉડુપી (મરણોપરાંત) | આધ્યાત્મિકતા | કર્ણાટક |
| 5 | શ્રી અનિરુદ્ધ જગન્નાથ GCSK | રાજનીતિ | મોરીશિયસ |
| 6 | શ્રી છન્નૂ લાલ મિશ્રા | કલા | ઉત્તરપ્રદેશ |
| 7 | શ્રીમતી એમ સી મેરીકોમ | રમતગમત | મણિપુર |

**નોંધ :** પદ્મ વિભૂષણ 2020 એવોર્ડ વિજેતા **શ્રીમતી એમ સી મેરીકોમ** પદ્મ વિભૂષણ એવોર્ડ વિજેતા **ભારતના પ્રથમ મહિલા ખેલાડી** બની ગયા છે.



## પદ્મ ભૂષણ 2020 વિજેતા મહિલાઓ

ભારતના પ્રસિદ્ધ મહિલા **બેડમિન્ટન** ખેલાડી **સુશ્રી પી. વી. સિંધૂ**ને **રમતગમત** ક્ષેત્રમાં વર્ષ **2020**નો **પદ્મ ભૂષણ** એવોર્ડ એનાયત થયો છે.

- સુશ્રી પી. વી. સિંધૂ ઉપરાંત **તમિલનાડુ**ના પ્રસિદ્ધ મહિલા સમાજસેવિકા **સુશ્રી કૃષ્ણમ્મલ જગન્નાથન**ને પણ **પદ્મ ભૂષણ** પુરસ્કાર એનાયત થયો છે.

## મરણોપરાંત પદ્મ ભૂષણ 2020 વિજેતા મહાનુભાવો

| ક્રમ | નામ | ક્ષેત્ર | રાજ્ય |
|---|---|---|---|
| 1 | શ્રી મનોહર ગોપાલકૃષ્ણ પ્રભુ પારિકર (ગોવાના પૂર્વ મુખ્યમંત્રી) | રાજનીતિ | ગોવા |
| 2 | શ્રી નીલકંઠ રામકૃષ્ણ માધવ મેનન | રાજનીતિ | કેરળ |
| 3 | શ્રી સૈયદ મુઅજ્જીમ અલી | રાજનીતિ | બાંગ્લાદેશ |

**નોંધ :** વર્ષ 2020ના પદ્મ ભૂષણ એવોર્ડ વિજેતાઓમાં **ગુજરાત**માંથી એક માત્ર **શ્રી બાલ કૃષ્ણ દોશી**નો સમાવેશ થયો છે.




## પદ્મ પુરસ્કાર 2020 વિજેતા ગુજરાતી મહાનુભાવો

| ક્રમ | નામ | ક્ષેત્ર | પુરસ્કાર |
|---|---|---|---|
| 1 | શ્રી બાલકૃષ્ણ દોશી | વાસ્તુકળા/સ્થાપત્ય | પદ્મ ભૂષણ |
| 2 | શ્રી શાહબુદ્દીન રાઠોડ | સાહિત્ય અને શિક્ષણ | પદ્મ શ્રી |
| 3 | શ્રી એચ. એમ. દેસાઈ | સાહિત્ય અને શિક્ષણ | પદ્મ શ્રી |
| 4 | શ્રી નારાયણ જે. જોશી કારયલ | સાહિત્ય અને શિક્ષણ | પદ્મ શ્રી |
| 5 | શ્રી સુધીર જૈન | વિજ્ઞાન અને એન્જિનિયરિંગ | પદ્મ શ્રી |
| 6 | શ્રી ગફુરભાઈ બિલખિયા | વ્યાપાર-ઉદ્યોગ | પદ્મ શ્રી |
| 7 | ડૉ. ગુરદીપ સિંહ | ચિકિત્સા | પદ્મ શ્રી |
| 8 | શ્રી યઝદી નૌશેરવાન કારંજીયા | કળા | પદ્મ શ્રી |

**નોંધ :** મહારાષ્ટ્રના પૂણેમાં જન્મેલા ગુજરાતી મૂળના પ્રસિદ્ધ મહિલા નાટ્ય કલાકાર શ્રીમતી સરિતા જોષીને પણ કલાની કેટેગરીમાં વર્ષ 2020નો પદ્મ શ્રી પુરસ્કાર એનાયત થયો છે.

## પદ્મ શ્રી 2020 વિજેતા રમતવીરો

| ક્રમ | ખેલાડી | રમત | રાજ્ય |
|---|---|---|---|
| 1 | શ્રી ઝાહીર ખાન | ક્રિકેટ | મહારાષ્ટ્ર |
| 2 | શ્રી એમ. પી. ગણેશ | હોકી | કર્ણાટક |
| 3 | શ્રી જીતુ રાય | શૂટિંગ | ઉત્તરપ્રદેશ |
| 4 | શ્રી તરુણદીપ રાય | તિરંદાજી | સિક્કિમ |
| 5 | સુશ્રી રાની રામપાલ | હોકી | હરિયાણા |
| 6 | સુશ્રી ઓઈનમ બેમબેમ દેવી | ફૂટબોલ | મણિપુર |

**નોંધ :** (1) પદ્મ શ્રી વિજેતા શૂટિંગ ખેલાડી શ્રી જીતુ રાયનો જન્મ નેપાળમાં થયો હતો. પરંતુ તેમણે ભારતની નાગરિકતા સ્વીકારી છે. અને વર્ષ 2011માં નેશનલ ગેમ્સમાં તેમણે ઉત્તરપ્રદેશ તરફથી ભાગ લીધો હતો.

(2) સુશ્રી એકતા કપૂર, સુશ્રી કંગના રણૌત, શ્રી કરણ જોહર અને શ્રી અદનાન સામીને પણ કલાના ક્ષેત્રમાં વર્ષ 2020નો પદ્મ શ્રી પુરસ્કાર એનાયત થયો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતના સર્વોચ્ચ એવોર્ડ

ભારતના સર્વોચ્ચ એવોર્ડ ક્રમશઃ આ મુજબ છે :

(1) ભારત રત્ન (2) પદ્મ વિભૂષણ (3) પદ્મ ભૂષણ (4) પદ્મ શ્રી

## પદ્મ પુરસ્કાર

પદ્મ પુરસ્કાર અંતર્ગત ત્રણ એવોર્ડનો સમાવેશ થાય છે :

| ક્રમ | એવોર્ડ | શા માટે એનાયત થાય છે ? |
|---|---|---|
| 1 | પદ્મ વિભૂષણ | કોઈ ક્ષેત્રમાં અમૂલ્ય યોગદાન માટે |
| 2 | પદ્મ ભૂષણ | કોઈ ક્ષેત્રમાં વિશિષ્ટ અને ઉલ્લેખનીય યોગદાન માટે |
| 3 | પદ્મ શ્રી | જીવનના વિવિધ ક્ષેત્રો સાહિત્ય, શિક્ષણ, કલા, વિજ્ઞાન વગેરેમાં વિશિષ્ટ યોગદાન માટે |

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- ભારતમાં 'ભારત રત્ન પુરસ્કાર'ની સાથે 'પદ્મ પુરસ્કાર'નો પ્રારંભ પણ 1954થી જ થયો હતો.

**નોંધ :** ભારતમાં માર્ચ, એપ્રિલ 2020 દરમિયાન રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજાનાર સમારોહમાં ઉપરોક્ત મહાનુભાવોને ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદના હસ્તે એવોર્ડ એનાયત થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ICE Questions

1. ભારતમાં વર્ષ 2020ના પદ્મ પુરસ્કાર માટે કુલ કેટલા મહાનુભાવોની પસંદગી કરવામાં આવી છે ?
(A) 138 (B) 140 (C) 141 (D) 143 **(C)**

2. ભારતમાં વર્ષ 2020ના પદ્મ વિભૂષણ પુરસ્કાર માટે કુલ કેટલા મહાનુભાવોની પસંદગી કરવામાં આવી છે ?
(A) 7 (B) 8 (C) 9 (D) 12 **(A)**

3. તાજેતરમાં નીચેનામાંથી કયા રાજકીય નેતાને વર્ષ 2020નો મરણોપરાંત પદ્મ વિભૂષણ પુરસ્કાર એનાયત થયો નથી ?
(A) શ્રી જ્યોર્જ ફર્નાન્ડિસ (B) શ્રી વિનોદ ખન્ના
(C) શ્રી અરૂણ જેટલી (D) શ્રીમતી સુષ્મા સ્વરાજ **(B)**

4. વર્ષ 2020માં પદ્મ વિભૂષણ એવોર્ડ મેળવીને આ એવોર્ડ વિજેતા ભારતના પ્રથમ મહિલા ખેલાડી કોણ બન્યું છે?
(A) સુશ્રી રાની રામપાલ (B) સુશ્રી પી.વી. સિંધૂ
(C) સુશ્રી એમ.સી. મેરીકોમ (D) સુશ્રી ઓઈનમ બેમબેમ દેવી **(C)**

5. ભારતના પ્રસિદ્ધ મહિલા બોક્સર સુશ્રી એમ.સી. મેરીકોમને વર્ષ 2020નો કયો પદ્મ પુરસ્કાર એનાયત થયો છે ?
(A) પદ્મ શ્રી (B) પદ્મ ભૂષણ (C) પદ્મ વિભૂષણ (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

6. તાજેતરમાં ભારતના કયા મહિલા ખેલાડીને વર્ષ 2020નો પદ્મ ભૂષણ પુરસ્કાર એનાયત થયો છે ?
(A) સુશ્રી રાની રામપાલ (B) સુશ્રી પી.વી. સિંધૂ
(C) સુશ્રી એમ.સી. મેરીકોમ (D) સુશ્રી ઓઈનમ બેમબેમ દેવી **(B)**

7. વર્ષ 2020માં ગુજરાતના કયા મહાનુભાવને પદ્મ ભૂષણ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે ?
(A) શ્રી બાલ કૃષ્ણ દોશી (B) શ્રી શાહબુદ્દીન રાઠોડ
(C) શ્રી એચ. એમ. દેસાઈ (D) શ્રી સુધીર જૈન **(A)**

8. ગુજરાતના શ્રી બાલ કૃષ્ણ દોશીને કયા ક્ષેત્રમાં વર્ષ 2020નો પદ્મ ભૂષણ એવોર્ડ એનાયત થયો છે ?
(A) સાહિત્ય અને શિક્ષણ (B) વ્યાપાર-ઉદ્યોગ
(C) વાસ્તુકળા/સ્થાપત્ય (D) વિજ્ઞાન અને એન્જિનિયરિંગ **(C)**

9. ગુજરાતના કયા પ્રસિદ્ધ હાસ્ય કલાકાર અને હાસ્ય લેખકને વર્ષ 2020નો પદ્મ શ્રી પુરસ્કાર એનાયત થયો છે ?
(A) શ્રી વિનોદ જોશી (B) શ્રી શાહબુદ્દીન રાઠોડ
(C) શ્રી ધીરુભાઈ સરવૈયા (D) શ્રી સાંઈરામ દવે **(B)**

10. ગુજરાતના પ્રસિદ્ધ હાસ્ય કલાકાર શ્રી શાહબુદ્દીન રાઠોડને કયા ક્ષેત્રમાં વર્ષ 2020નો પદ્મ શ્રી પુરસ્કાર એનાયત થયો છે ?
(A) હાસ્ય (B) શિક્ષણ (C) સાહિત્ય (D) સાહિત્ય અને શિક્ષણ **(D)**

11. ગુજરાતમાં IIT ગાંધીનગરમાં ડિરેક્ટર તરીકે ફરજ બજાવી રહેલા કયા મહાનુભાવને વિજ્ઞાન અને ઈજનેરીના ક્ષેત્રમાં વર્ષ 2020નો પદ્મ શ્રી પુરસ્કાર એનાયત થયો છે ?
(A) શ્રી સુધીર જૈન (B) શ્રી એચ. એમ. દેસાઈ
(C) ડૉ. ગુરદીપ સિંહ (D) શ્રી ગફુરભાઈ બિલખિયા **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

12. વર્ષ 2020ના પદ્મ શ્રી પુરસ્કાર વિજેતા મહિલા ખેલાડીઓમાં નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે ?
(A) સુશ્રી રાની રામપાલ અને સુશ્રી સાયના નેહવાલ
(B) સુશ્રી રાની રામપાલ અને સુશ્રી મિતાલી રાજ
(C) સુશ્રી રાની રામપાલ અને સુશ્રી ઓઈનમ બેમબેમ દેવી
(D) સુશ્રી રાની રામપાલ અને સુશ્રી ઝૂલન ગોસ્વામી (C)

13. વર્ષ 2020ના પદ્મ શ્રી પુરસ્કાર માટે કયા ક્રિકેટરની પસંદગી કરવામાં આવી છે ?
(A) શ્રી વિરાટ કોહલી (B) શ્રી રોહિત શર્મા
(C) શ્રી મહેન્દ્ર સિંહ ધોની (D) શ્રી ઝાહીર ખાન (D)

14. પદ્મ શ્રી 2020 વિજેતા ખેલાડીઓ અને તેમની રમતના સંદર્ભમાં નીચેનામાંથી કયો વિકલ્પ સાચો નથી ?
(A) શ્રી એમ. પી. ગણેશ – હોકી (B) શ્રી જીતુ રાય – ટેબલ ટેનિસ
(C) શ્રી તરુણદીપ રાય – તિરંદાજી (D) સુશ્રી ઓઈનમ બેમબેમ દેવી – ફૂટબોલ (B)

15. મહારાષ્ટ્રના પૂણેમાં જન્મેલા ગુજરાતી મૂળના કયા મહિલા નાટ્ય કલાકારને વર્ષ 2020નો પદ્મ શ્રી પુરસ્કાર એનાયત થયો છે ?
(A) શ્રીમતી સરલા દવે (B) શ્રીમતી સરલા જોષી
(C) શ્રીમતી સરિતા દવે (D) શ્રીમતી સરિતા જોષી (D)

16. ભારતમાં જીવનના વિવિધ ક્ષેત્રો સાહિત્ય, શિક્ષણ, કલા, વિજ્ઞાન વગેરેમાં વિશિષ્ટ યોગદાન માટે કયો પદ્મ પુરસ્કાર એનાયત થાય છે ?
(A) પદ્મ શ્રી (B) પદ્મ ભૂષણ (C) પદ્મ વિભૂષણ (D) ત્રણમાંથી કોઈ નહિ (A)

17. ભારતમાં પદ્મ પુરસ્કાર તથા ભારત રત્ન પુરસ્કારનો પ્રારંભ ક્યારથી થયો હતો ?
(A) 1952 (B) 1954 (C) 1956 (D) 1958 (B)

ICE FOR COMPETITIVE EXAMS ®

## 28 JANUARY, 2020 TUESDAY

### ➤ દિવસ મહિમા : 28 જાન્યુઆરી, ડેટા ગોપનીયતા દિવસ (Data Privacy Day)

### ➤ આસામમાં બોડો ઉગ્રવાદીઓ અને કેન્દ્ર સરકાર વચ્ચે સમજૂતી



ભારતના **આસામ**માંથી અલગ થઈને **'બોડોલેન્ડ'** નામના **નવા રાજ્ય**ની રચના કરવા માટે કેટલાક ઉગ્રવાદીઓ દ્વારા છેલ્લા 50 વર્ષથી પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

- આ માટે તેઓ દેખાવો સાથે હિંસક આંદોલન પણ કરતા હતા.
- જેમાં અત્યાર સુધીમાં આશરે 2832 લોકોના મોત થયા છે.
- આથી, આ સમસ્યાના ઉકેલ માટે તાજેતરમાં કેન્દ્ર સરકાર અને અલગ બોડોલેન્ડની માંગ કરતા ઉગ્રવાદીઓ વચ્ચે 'આસામ સમજૂતી 2020' નામની એક સમજૂતી થઈ છે.
- આ માટે કેન્દ્રીય ગૃહ મંત્રી **શ્રી અમિત શાહ**ની ઉપસ્થિતિમાં **આસામ સરકાર**, **કેન્દ્ર સરકાર** અને ઉગ્રવાદી સંગઠન **National Democratic Front of Bodoland (NDFB)**ના ચાર જૂથ વચ્ચે આ ત્રિપક્ષીય સમજૂતી થઈ છે.

### સમજૂતીની મહત્ત્વની બાબતો

- આ સમજૂતી અંતર્ગત કેન્દ્ર સરકારે બોડો આદીવાસીઓને કેટલાક રાજકીય અધિકારો અને સમુદાયના કેટલાક લોકોને આર્થિક પેકેજ આપવાની ખાતરી આપી છે.
- જોકે, આ કરારોમાં અલગ બોડોલેન્ડ રાજ્ય બનાવવાની માંગણીને સ્વીકારવામાં આવી નથી.
- બોડો નાગરિકોના વિકાસ માટે આગામી ત્રણ વર્ષમાં રૂ. 1500 કરોડનો ખર્ચ કરવામાં આવશે. જેમાંથી 50 ટકા હિસ્સો કેન્દ્ર સરકાર અને 50 ટકા રકમ રાજ્ય સરકાર ચૂકવશે.
- બીજી તરફ આ સમજૂતી અંતર્ગત 30 જાન્યુઆરી 2020ના રોજ આસામના ગુવાહાટી ખાતે યોજાયેલા એક સમારોહમાં 'નેશનલ ડેમોક્રેટિક ફ્રન્ટ ઓફ બોડોલેન્ડ' (NDFB)ના ચારેય જૂથના મળીને કુલ 1615 જેટલા ઉગ્રવાદીઓએ આસામના મુખ્યમંત્રી શ્રી સર્બાનંદ સોનોવાલ સમક્ષ આત્મ સમર્પણ કર્યું હતું.

**નોંધ :** તાજેતરમાં થયેલી આ સમજૂતી છેલ્લા 27 વર્ષમાં થયેલી ત્રીજી આસામ સમજૂતી છે.


# સરકારી બેંકોમાં વિશાળ ભરતી

# SBI/IBPS

ફ્રી ટ્રાયલ લેક્ચર

06/02/2020 (સવારે)

Exam Cracking Strategy

Online Test Paper Practice

Master Tricks & Technique

Support Till Your Selection

Free Interview Training For P.O

રાજકોટ

## UPCOMING EXAMS LIST IN 2020

| POST | Expected Declaration Month | Tentative Preliminary Exam Date |
|---|---|---|
| State Bank of India Probationary Officer | March/April | June |
| IBPS Regional Rural Bank PO/Clerk | June/July | (1,2,8,9&16) August |
| IBPS Probationary Officer | Aug./Sept. | (3,4&10) October |
| IBPS Clerk | Sept./Oct. | (12,13 &19) December |
| IBPS Specialist Officer | October | (26&27) December |
| Govt. Insurance LIC/NIACL/NICL/ UIIC/OICLAssistant & Administrative Officer(AO) | Jan to Dec. | Jan to Dec. |

રજિસ્ટ્રેશન ફરજિયાત

93757-01110

ICE®

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ અમેરિકાના પ્રસિદ્ધ બાસ્કેટબોલ ખેલાડી શ્રી કોબી બ્રાયન્ટનું હેલિકોપ્ટર દુર્ઘટનામાં નિધન




- "આળસુ લોકોથી હું દૂર જ ભાગુ છું,
  મને તેમની ભાષા જ સમજમાં આવતી નથી.
  આળસુ લોકો નિષ્ફળતા મળતાં જ બીજાને દોષ આપવાનું શરૂ કરી દે છે.
  કોઈપણ મહાન કાર્ય સખત મહેનત અને ધ્યેયથી જ હાંસલ થઈ શકે છે.
  તેમાં પોતાની નિષ્ફળતા માટે બીજા પર દોષારોપણને સ્થાન જ નથી."

- "મુકાબલો જીતવા માટે મારે બેન્ચ પર બેઠા રહેવું પડે,
  સાથી ખેલાડીને પાણી આપવા જવું પડે કે પછી નિર્ણાયક સમયે શોટ્
  લગાવવો પડે તેમ હોય હું કંઈ પણ કરવા માટે તૈયાર છું.
  વિજય મારા માટે સર્વસ્વ છે....
  તમે જ્યારે પરાજયનો વિચાર પણ તમારી અંદર આવવા દો છો ત્યારે હરીફને જીતવા માટેની તક આપો છે."

– કોબી બ્રાયન્ટ

<u>અમેરિકા</u>ના પ્રોફેશનલ <u>બાસ્કેટબોલ</u> પ્લેયર <u>શ્રી કોબી બ્રાયન્ટ</u>નું 26 જાન્યુઆરી, 2020ના રોજ <u>અમેરિકા</u>ના <u>કેલિફોર્નિયા</u> રાજ્યના <u>કાલબાસાસ</u> ખાતે એક હેલિકોપ્ટર દુર્ઘટનામાં નિધન થયું છે.

- શ્રી કોબી બ્રાયન્ટ <u>અમેરિકા</u>ના લોકપ્રિય <u>બાસ્કેટબોલ</u> ખેલાડી હતા.
- <u>'ધ બ્લેક મમ્બા'</u>ના હુલામણા નામથી પ્રસિદ્ધ શ્રી કોબી બ્રાયન્ટનો જન્મ <u>અમેરિકા</u>ના <u>ફિલોડેલ્ફિયા</u> નામના શહેરમાં થયો હતો.
- કેલિફોર્નિયા ખાતે યોજાઈ રહેલી બાસ્કેટબોલ ગેમમાં તેમની પુત્રીના કોચ તરીકે તેઓ જ્યારે <u>'Sikorsky S-76B'</u> નામના <u>હેલિકોપ્ટર</u>માં જઈ રહ્યા હતા ત્યારે આ હેલિકેપ્ટોર ક્રેશ થતાં તેમની 13 વર્ષીય પુત્રી સહિત કુલ 8 લોકોનાં મૃત્યુ થયા હતા.
- શ્રી કોબી બ્રાયન્ટે બાસ્કેટબોલની રમતમાં તો અનેક સિદ્ધિઓ મેળવી જ હતી પણ તેની સાથે સાથે <u>'ડીયર બાસ્કેટબોલ'</u> ફિલ્મ માટે <u>શ્રી કોબી બ્રાયન્ટ</u>ને બેસ્ટ એનિમેટેડ ફિલ્મનો <u>'ઓસ્કાર એવોર્ડ'</u> પણ એનાયત થયો હતો.

## ICE Questions

1. 'ડેટા ગોપનીયતા દિવસ' અથવા તો 'Data Privacy Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 25 જાન્યુઆરી (B) 27 જાન્યુઆરી (C) 28 જાન્યુઆરી (D) 29 જાન્યુઆરી — **(C)**

2. ભારતના કયા રાજ્યમાંથી અલગ બોડોલેન્ડની માંગ કરી રહેલા બોડો ઉગ્રવાદીઓ સાથે તાજેતરમાં સમજૂતી કરવામાં આવી છે ?
   (A) અરૂણાચલ પ્રદેશ (B) ઝારખંડ (C) છત્તીસગઢ (D) આસામ — **(D)**

3. ભારતમાં કેન્દ્ર સરકાર અને આસામ સરકાર દ્વારા આસામના કયા ઉગ્રવાદી સંગઠનના ચાર જૂથ સાથે 'આસામ સમજૂતી 2020' પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે ?
   (A) National Democratic Front of Bodoland (NDFB)
   (B) National Republic Front of Bodoland (NRFB)
   (C) National Freedom Party of Bodoland (NFPB)
   (D) ત્રણમાંથી કોઈ નહિ — **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. 30 જાન્યુઆરી, 2020ના રોજ ભારતના કયા શહેરમાં યોજાયેલા એક સમારોહમાં આશરે 1615 જેટલા ઉગ્રવાદીઓએ આત્મસમર્પણ કર્યું હતું ?
(A) ભોપાલ (B) રાંચી (C) ગુવાહાટી (D) ભૂવનેશ્વર **(C)**

5. તાજેતરમાં શ્રી કોબી બ્રાયન્ટનું નિધન થયું છે...તેઓ કઈ રમત સાથે સંકળાયેલા હતા ?
(A) ફૂટબોલ (B) ટેનિસ (C) ટેબલ ટેનિસ (D) બાસ્કેટબોલ **(D)**

6. તાજેતરમાં કયા દેશના લોકપ્રિય બાસ્કેટબોલ ખેલાડી શ્રી કોબી બ્રાયન્ટનું હેલિકોપ્ટર દુર્ઘટનામાં નિધન થયું છે ?
(A) અમેરિકા (B) જર્મની (C) બ્રિટન (D) ફ્રાન્સ **(A)**

## 29 JANUARY, 2020 WEDNESDAY

### ➤ બટાટાના ઉત્પાદનમાં અગ્રેસર ગુજરાતમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે 'ગ્લોબલ પોટેટો કોન્કલેવ 2020' યોજાઈ



28 જાન્યુઆરી, 2020ના રોજ ગુજરાતમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ચાર દિવસીય 'ગ્લોબલ પોટેટો કોન્કલેવ 2020'નો શુભારંભ થયો હતો.

- ગુજરાતના ગાંધીનગર ખાતે યોજાયેલું આ ત્રીજું વૈશ્વિક બટાટા સંમેલન હતું.
- આ અગાઉ વર્ષ 1999માં પ્રથમ અને 2008માં બીજી ગ્લોબલ પોટેટો કોન્કલેવનું આયોજન થયું હતું.
- ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી આ ત્રીજી કોન્કલેવને સંબોધન કર્યું હતું.
- જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ સંમેલનનો શુભારંભ કરાવ્યો હતો.
- આ કોન્કલેવનું આયોજન –
  (1) Indian Potato Association (IPA)
  (2) Indian Council of Agricultural Research (ICAR)
  (3) ICAR - Central Potato Research Institute, Shimla અને
  (4) International Potato Center, Lima, Peru
  દ્વારા સંયુક્ત રીતે થયું હતું.
- 28થી 31 જાન્યુઆરી 2020 દરમિયાન યોજાયેલી આ કોન્કલેવમાં દેશ-વિદેશના વૈજ્ઞાનિકો અને બટાટાનાં ખેડૂતોએ ભાગ લીધો હતો.

**નોંધ :** (1) ભારતમાં બટાટાનાં ઉત્પાદન અને ઉત્પાદકતામાં ગુજરાત દેશનું ટોચનું રાજ્ય છે.
(2) બટાટાની કુલ 4 લાખ ટનની દેશની નિકાસમાં ગુજરાત એકલું જ 1 લાખ ટન જેટલો હિસ્સો આપે છે.

INSTITUTE FOR COMPETITIVE

## ICE Questions

1. જાન્યુઆરી, 2020 દરમિયાન ભારતમાં 'ગ્લોબલ પોટેટો કોન્કલેવ 2020' કયાં યોજાઈ હતી ?
   (A) નવી દિલ્હી (B) ગાંધીનગર (C) બેંગાલુરૂ (D) મુંબઈ — **(B)**

2. તાજેતરમાં ગુજરાતમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાયેલી કેટલામી 'ગ્લોબલ પોટેટો કોન્કલેવ 2020' (અથવા તો વૈશ્વિક બટાટા સંમેલન 2020)માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સંબોધન કર્યું હતું ?
   (A) પ્રથમ (B) બીજી (C) ત્રીજી (D) પાંચમી — **(C)**

3. ગુજરાતમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાયેલી 'ગ્લોબલ પોટેટો કોન્કલેવ 2020'નું ઉદ્‌ઘાટન કોણે કર્યું હતું ?
   (A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રી અમિત શાહ
   (C) શ્રી વિજયભાઈ રૂપાણી (D) શ્રી રામનાથ કોવિંદ — **(C)**

## 30 JANUARY, 2020 THURSDAY

➤ **દિવસ મહિમા : 30 જાન્યુઆરી, (1) શહીદ દિન (મહાત્મા ગાંધી પુણ્યતિથિ)**
**(2) રાષ્ટ્રીય કુષ્ઠરોગ નિવારણ દિન**

**(3) મહાસુદ પાંચમ - વસંતપંચમી**

સમગ્ર ભારતમાં મહાસુદ પાંચમ 'વસંતપંચમી' તરીકે ઉજવાય છે.

- પ્રાચીન ભારતીય પંરપરા અનુસાર વસંતપંચમી એ **મા સરસ્વતી**ની ઉપાસનાનો શ્રેષ્ઠ દિવસ છે.
- આથી, વસંતપંચમીને **'જ્ઞાનપંચમી'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

**નોંધ :** તાજેતરમાં ભારતમાં 30 જાન્યુઆરી 2020ના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.



INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ Traffic Index 2019માં વિશ્વના સૌથી ખરાબ ટ્રાફિક ધરાવતા શહેરોમાં બેંગાલુરુ પ્રથમ

નેધરલેન્ડની નેવીગેશન કંપની TomTom દ્વારા Traffic Index 2019 નામથી એક રેન્કિંગ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

- આ રેન્કિંગમાં વિશ્વના 57 દેશોના 416 શહેરોમાંથી સૌથી ખરાબ ટ્રાફિકની બાબતમાં ભારતનું બેંગાલુરુ પ્રથમ ક્રમે છે.
- બેંગાલુરુ બાદ ફિલિપિન્સનું મનિલા બીજા અને કોલમ્બિયાનું બોગોટા ત્રીજા ક્રમે છે.
- જ્યારે ભારતનું મુંબઈ ચોથા અને પૂણે આ યાદીમાં પાંચમા ક્રમે તેમજ નવી દિલ્હી આઠમા ક્રમે છે.
- આમ, આ ઈન્ડેક્સમાં વિશ્વના 416 શહેરોમાંથી સૌથી ખરાબ ટ્રાફિક ધરાવતા ટોપ ટેન શહેરોમાં ભારતના બેંગાલુરુ, મુંબઈ, પૂણે અને નવી દિલ્હી એમ કુલ ચાર શહેરોનો સમાવેશ થયો છે.
- જ્યારે અમેરિકાનું ગ્રીન્સબોરો-હાઈ પોઈન્ટ આ ઈન્ડેક્સમાં અંતિમ 416મા ક્રમે છે. એટલે કે આ 416 શહેરોમાંથી વિશ્વમાં સૌથી ઓછો ટ્રાફિક અમેરિકાના ગ્રીન્સબોરો-હાઈ પોઈન્ટમાં હોય છે.

**Traffic Index 2019 Ranking**

| Rank | City | Country |
|---|---|---|
| 1 | બેંગાલુરુ | ભારત |
| 2 | મનિલા | ફિલિપિન્સ |
| 3 | બોગોટા | કોલંબિયા |
| 4 | મુંબઈ | ભારત |
| 5 | પૂણે | ભારત |
| 8 | નવી દિલ્હી | ભારત |
| 415 | કાદિઝ | સ્પેન |
| 416 | ગ્રીન્સબોરો-હાઈ પોઈન્ટ | અમેરિકા |



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

નોંધ : (1) આ અગાઉના Traffic Index 2018માં વિશ્વના 403 શહેરોમાં સૌથી ખરાબ ટ્રાફિકમાં ભારતનું મુંબઈ પ્રથમ ક્રમે હતું.

(2) જ્યારે વર્ષ 2017ના આ ઈન્ડેક્સમાં વિશ્વના 375 શહેરોમાં પણ ભારતનું મુંબઈ પ્રથમ ક્રમે હતું.

## ICE ? Questions

1. ભારતમાં કયો દિવસ 'વસંતપંચમી' તરીકે ઉજવાય છે ?
(A) માગસર સુદ પાંચમ (B) માગસર વદ પાંચમ (C) મહાસુદ પાંચમ (D) મહાવદ પાંચમ **(C)**

2. પ્રાચીન ભારતીય પરંપરા અનુસાર ભારતમાં વસંતપંચમીને કોની ઉપાસના માટેનો શ્રેષ્ઠ દિવસ માનવામાં આવે છે ?
(A) સૂર્ય (B) સપ્તર્ષિ (C) શ્રી ગણેશજી (D) દેવી સરસ્વતી **(D)**

3. ભારતમાં 'વસંતપંચમી' બીજા કયા નામે ઓળખાય છે ?
(A) મોક્ષપંચમી (B) વીણાપંચમી (C) જ્ઞાનપંચમી (D) ઉપાસના પંચમી **(C)**

4. ભારતમાં 'શહીદ દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 28 જાન્યુઆરી (B) 30 જાન્યુઆરી (C) 31 જાન્યુઆરી (D) 1 ફેબ્રુઆરી **(B)**

5. ભારતમાં કોની પુણ્યતિથિ 'શહીદ દિન' તરીકે ઉજવાય છે ?
(A) મહાત્મા ગાંધીજી (B) શહીદ ભગતસિંહ
(C) શ્રી સુભાષચંદ્ર બોઝ (D) શ્રી લાલા લજપતરાય **(A)**

6. ભારતમાં 'રાષ્ટ્રીય કુષ્ઠરોગ નિવારણ દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 29 જાન્યુઆરી (B) 30 જાન્યુઆરી (C) 31 જાન્યુઆરી (D) 2 ફેબ્રુઆરી **(B)**

7. ટોમટોમ દ્વારા પ્રસિદ્ધ થયેલા 'ટ્રાફિક ઈન્ડેક્સ 2019'માં વિશ્વના સૌથી ખરાબ ટ્રાફિક ધરાવતા શહેરોમાં પ્રથમ ક્રમે કયું શહેર છે ?
(A) મનિલા (B) મુંબઈ (C) બોગોટા (D) બેંગાલુરુ **(D)**

8. ટોમટોમ દ્વારા પ્રસિદ્ધ 'ટ્રાફિક ઈન્ડેક્સ 2019' અનુસાર વિશ્વમાં સૌથી ઓછો ટ્રાફિક કયા શહેરમાં છે ?
(A) કાદિઝ (B) ગ્રીન્સબોરો-હાઈ પોઈન્ટ
(C) પેરિસ (D) વોશિંગ્ટન ડિસી **(B)**

## 31 JANUARY, 2020 FRIDAY

### ➤ City Momentum Index 2020માં વિશ્વના સૌથી વધુ ડાયનેમિક શહેરોમાં હૈદરાબાદ પ્રથમ

INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

અમેરિકાની રિયલ એસ્ટેટ સર્વિસ ફર્મ Jones Lang Lasalle (JLL) દ્વારા તાજેતરમાં 'City Momentum Index 2020' નામથી એક ઈન્ડેક્સ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ ઈન્ડેક્સમાં વિશ્વના 130 મોટા એસ્ટાબ્લિસ્ડ અને ઈમર્જિંગ માર્કેટને આધારે વિશ્વના સૌથી વધુ ગતિશીલ (Dynamic) શહેરોની ઓળખ કરવામાં આવી છે.
- જેમાં ભારતનું હૈદરાબાદ પ્રથમ ક્રમે છે.
- જ્યારે હૈદરાબાદ બાદ ભારતનું બેંગાલુરુ બીજા ક્રમે છે.
- આ ઈન્ડેક્સમાં ટોપ ટેનમાં ભારતના હૈદરાબાદ (પ્રથમ), બેંગાલુરુ (બીજા), ચેન્નાઈ (પાંચમા) અને દિલ્હી (છઠ્ઠા) એમ કુલ ચાર શહેરોનો સમાવેશ થયો છે.
- જ્યારે આ ઈન્ડેક્સમાં ટોપ 20માં ભારતના કુલ 7 શહેરોનો સમાવેશ થયો છે.

**JLL City Momentum Index 2020 Rank**

| Rank | City |
|---|---|
| 1 | હૈદરાબાદ |
| 2 | બેંગાલુરુ |
| 5 | ચેન્નાઈ |
| 6 | દિલ્હી |
| 12 | પૂણે |
| 16 | કોલકાતા |
| 20 | મુંબઈ |



## ➤ The Global Social Mobility Index 2020માં ભારત 76મા ક્રમે

World Economic Forum (WEF) દ્વારા તાજેતરમાં The Global Social Mobility Report 2020 નામથી એક રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- WEF દ્વારા પ્રથમ વખત પ્રસિદ્ધ થયેલા આ ઈન્ડેક્સમાં વિશ્વના 82 દેશોમાં ભારત 76મા ક્રમે છે.
- જ્યારે આ ઈન્ડેક્સમાં ડેન્માર્ક પ્રથમ ક્રમે છે.
- ડેન્માર્ક બાદ નોર્વે બીજા અને ફિનલેન્ડ ત્રીજા ક્રમે છે.
- તેમજ પશ્ચિમ આફ્રિકન દેશ કોટ ડી આઈવર અંતિમ 82મા ક્રમે છે.

### The Global Social Mobility Index 2020 Ranking

| Rank | Country |
|---|---|
| 1 | ડેન્માર્ક |
| 2 | નોર્વે |
| 3 | ફિનલેન્ડ |
| 76 | ભારત |
| 78 | બાંગ્લાદેશ |
| 79 | પાકિસ્તાન |
| 82 | કોટ ડી આઈવર |




## ICE Questions

1. JLL દ્વારા પ્રસિદ્ધ થયેલા સિટી મોમેન્ટમ ઈન્ડેક્સ 2020માં વિશ્વના સૌથી વધુ ડાયનેમિક શહેરોમાં પ્રથમ ક્રમે કયું શહેર છે ?
   (A) બેઈજિંગ (B) બેંગાલુરુ (C) હૈદરાબાદ (D) ચેન્નાઈ — **(C)**

2. WEF અથવા તો વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દ્વારા પ્રસિદ્ધ થયેલા 'ગ્લોબલ સોસિયલ મોબિલિટી ઈન્ડેક્સ 2020'માં ભારત કયા ક્રમે છે ?
   (A) 76 (B) 78 (C) 80 (D) 82 — **(A)**

3. WEF દ્વારા પ્રસિદ્ધ થયેલા 'ગ્લોબલ સોસિયલ મોબિલિટી ઈન્ડેક્સ 2020'માં કુલ કેટલા દેશોમાં ભારત 76મા ક્રમે છે ?
   (A) 82 (B) 92 (C) 102 (D) 112 — **(A)**

4. WEF દ્વારા પ્રસિદ્ધ થયેલા 'ગ્લોબલ સોસિયલ મોબિલિટી ઈન્ડેક્સ 2020'માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?
   (A) ડેન્માર્ક (B) નોર્વે (C) ફિનલેન્ડ (D) સ્પેન — **(A)**

5. WEF દ્વારા પ્રસિદ્ધ થયેલા 'ગ્લોબલ સોસિયલ મોબિલિટી ઈન્ડેક્સ 2020'માં અંતિમ 82મા ક્રમે કયો દેશ છે?
   (A) સોમાલિયા (B) કોટ ડી આઈવર (C) મોંગોલિયા (D) કોસ્ટારિકા — **(B)**

6. WEF દ્વારા તાજેતરમાં કેટલામો 'ગ્લોબલ સોસિયલ મોબિલિટી ઈન્ડેક્સ' પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે ?
   (A) પ્રથમ (B) બીજો (C) ત્રીજો (D) ચોથો — **(A)**

## 01 FEBRUARY, 2020 SATURDAY

### ➤ સુશ્રી રાની રામપાલ 'વર્લ્ડ ગેમ્સ એથ્લિટ ઓફ ધ યર એવોર્ડ' જીતનાર વિશ્વના પ્રથમ હોકી ખેલાડી બન્યા



ભારતીય મહિલા હોકી ટીમના કેપ્ટન સુશ્રી રાની રામપાલે પ્રતિષ્ઠિત 'વર્લ્ડ ગેમ્સ એથ્લિટ ઓફ ધ યર'નો એવોર્ડ જીતી લીધો છે.

- આ સાથે જ સુશ્રી રાની રામપાલ 'વર્લ્ડ ગેમ્સ એથ્લિટ ઓફ ધ યર' એવોર્ડ જીતનાર વિશ્વના પ્રથમ હોકી ખેલાડી બની ગયા છે.
- આ પ્રતિષ્ઠિત એવોર્ડ માટે વિશ્વના જુદી જુદી રમતના કુલ 25 ખેલાડીઓ નોમિનેટ થયા હતા.
- જેમાં ભારતના સુશ્રી રાની રામપાલને સૌથી વધુ મત મળ્યા હતા.
- આ એવોર્ડ માટે ભારતના સુશ્રી રાની રામપાલના નામની ભલામણ વિશ્વ હોકી સંઘ દ્વારા કરવામાં આવી હતી.

**નોંધ :** (1) સુશ્રી રાની રામપાલને વર્ષ 2020નો પદ્મ શ્રી પુરસ્કાર પણ એનાયત થયો છે.
(2) સુશ્રી રાની રામપાલનો જન્મ 4 ડિસેમ્બર, 1994ના રોજ હરિયાણાના શાહબાદ મારકંડામાં થયો હતો.

### ➤ BCCI દ્વારા ત્રણ સભ્યોની નવી ક્રિકેટ સલાહકાર સમિતિની રચના



BCCI દ્વારા તાજેતરમાં ત્રણ સભ્યોની નવી ક્રિકેટ સલાહકાર સમિતિ (Cricket Advisory Committee)ની રચના કરવામાં આવી છે.

- આ સમિતિના ત્રણ સભ્યોમાં –

(1) ભૂતપૂર્વ દિગ્ગજ ક્રિકેટર શ્રી મદન લાલ
(2) મહિલા ક્રિકેટર સુશ્રી સુલક્ષણા નાઈક અને
(3) સપ્ટેમ્બર 2018માં ક્રિકેટમાંથી નિવૃત્તિ લેનારા શ્રી આર.પી. સિંઘ (અથવા તો શ્રી રુદ્ર પ્રતાપ સિંઘ)નો સમાવેશ થાય છે.

- BCCI દ્વારા આ સમિતિની નિમણૂક એક વર્ષ માટે કરવામાં આવી છે.

**નોંધ :** BCCIનું પૂરું નામ Board of Control for Cricket in India છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ ચીનના હુબઈ પ્રાંતમાં વ્યાપક રીતે ફેલાયેલા કોરોના વાયરસનો ભારતમાં પ્રથમ કેસ નોંધાયો



તાજેતરમાં ચર્ચામાં રહેલા કોરોના વાયરસનો પ્રથમ કેસ ડિસેમ્બર 2019માં ચીનના હુબઈ પ્રાંતના વુહાન નામના શહેરમાં જોવા મળ્યો હતો.

- કોરોના વાયરસની પ્રજાતિના આ વાયરસને ચીનના વૈજ્ઞાનિકોએ nCoV-2019 એટલે કે Novel CoronaVirus 2019 નામ આપ્યું છે.
- આ નોવેલ કોરોના વાયરસથી ચેપ ગ્રસ્ત લોકોના 31 જાન્યુઆરી 2020 સુધીમાં ચીનમાં આશરે 9692 જેટલા કેસો નોંધાયા છે. અને આ વાયરસથી 213 લોકોના મૃત્યુ થયા છે.
- 31 જાન્યુઆરી, 2020ની સ્થિતિએ ચીન ઉપરાંત થાઈલેન્ડ, જાપાન, અમેરિકા, બ્રિટન, ઓસ્ટ્રેલિયા, નેપાળ, શ્રીલંકા અને ભારત સહિત વિશ્વના લગભગ 21 જેટલા દેશોમાં આ વાયરસથી ચેપ ગ્રસ્ત લોકોના કેસો નોંધાયા છે.

- **ભારત**માં **કેરળ**ના **થ્રિસુર** જિલ્લાનો **એક વિદ્યાર્થી અથવા તો એક વિદ્યાર્થીની** આ વાયરસની પ્રથમ દર્દી બની છે. આ વિદ્યાર્થીની ચીનની **'યુનિવર્સિટી ઓફ વુહાન'**માં અભ્યાસ કરતી હતી. અને થોડા સમય અગાઉ જ તે ભારત

## ગ્લોબલ હેલ્થ ઈમરજન્સી

ચીનમાં વ્યાપક રીતે ફેલાયેલા કોરોના વાયરસનો વિશ્વના અનેક દેશોમાં વ્યાપ વધતા **WHO** દ્વારા આ વાયરસના પ્રકોપને **'ગ્લોબલ હેલ્થ ઈમરજન્સી'** જાહેર કરવામાં આવી છે.

## આ વાયરસના લક્ષણો

આ વાયરસથી ચેપગ્રસ્ત વ્યક્તિમાં **ભારે તાવ**, **શરદી**, **કફ**, **શ્વાસ લેવામાં તકલીફ** વગેરે જેવા લક્ષણો જોવા મળે છે.

- આ રોગનો ચેપ **ચેપી સી-ફૂડ ખાવાના કારણે** થતો હોવાનું માનવામાં આવે છે.
- આ રોગમાં મૃત્યુદર **2.3 ટકા** જેટલો છે.
- ચીનમાં આ રોગથી મૃત્યુ પામેલા દર્દીઓમાં મોટા ભાગે 60 વર્ષથી વધુ ઉંમરના લોકો અને તેઓ ડાયાબીટીસ, બી.પી., અસ્થમા, ન્યુમોનિયા વગેરે જેવા રોગોથી પીડિત હોવાનું કહેવાય છે.

## રોગનો ઈલાજ

આ વાયરસથી થતા રોગ માટે હજુ સુધી કોઈ ચોક્કસ એન્ટીવાયરલ દવા કે વેક્સીન ઉપલબ્ધ થઈ શકી નથી.

- આથી, આ રોગના અટકાવ અને નિયંત્રણ માટે સીઝનલ ફ્લુની જેમ દર્દીને આઈસોલેશનમાં રાખવો, P.P.E. કીટનો ઉપયોગ કરવો, વારંવાર સાબુથી હાથ ધોવા, હસ્તધૂનનના બદલે નમસ્કારથી અભિવાદન કરવું, ભીડભાડ વાળી જગ્યાએ જવાનું ટાળવું વગેરે જેવા તકેદારીના પગલાં લઈ શકાય છે.

**નોંધ :** (1) **ભારત**માં આ રોગના નિદાન માટે લોહીના નમૂનાની તપાસ **'નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ વાયરોલોજી, પૂણે'** ખાતે કરવામાં આવે છે.

(2) આ રોગના નિયંત્રણ માટે ગુજરાતમાં **'આરોગ્ય કમિશનરની કચેરી અને સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર'** ખાતે કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે.

(3) જ્યારે આ વાયરસ માટે **અમદાવાદની સિવિલ હોસ્પિટલ**ને **બેઝ હોસ્પિટલ** બનાવવામાં આવી છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. તાજેતરમાં ભારતના કયા ખેલાડીને 'વર્લ્ડ ગેમ્સ એથ્લિટ ઓફ ધ યર' એવોર્ડ એનાયત થયો છે ?
   (A) સુશ્રી એમ. સી. મેરીકોમ (B) સુશ્રી પી. વી. સિંધૂ
   (C) સુશ્રી રાની રામપાલ (D) શ્રી બજરંગ પુનીયા — **(C)**

2. 'વર્લ્ડ ગેમ્સ એથ્લિટ ઓફ ધ યર' એવોર્ડ વિજેતા વિશ્વના પ્રથમ હોકી ખેલાડી કોણ છે ?
   (A) સુશ્રી ડેલ્ફીના મેરિનો (B) શ્રી લુકાસ વિલા
   (C) શ્રી હરમનપ્રીત સિંઘ (D) સુશ્રી રાની રામપાલ — **(D)**

3. સુશ્રી રાની રામપાલ ભારતના કયા રાજ્યના હોકી ખેલાડી છે ?
   (A) હરિયાણા (B) ઉત્તરપ્રદેશ (C) બિહાર (D) ઉત્તરાખંડ — **(A)**

4. BCCI દ્વારા તાજેતરમાં કેટલા સભ્યોની નવી ક્રિકેટ સલાહકાર સમિતિ (Cricket Advisory Committee - CAC)ની રચના કરવામાં આવી છે ?
(A) ત્રણ (B) ચાર (C) પાંચ (D) સાત
(A)

5. BCCI દ્વારા તાજેતરમાં નવી ક્રિકેટ સલાહકાર સમિતિની રચના કરવામાં આવી છે...આ સમિતિના ત્રણ સભ્યોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?
(A) શ્રી લાલા અમરનાથ (B) શ્રી આર. પી. સિંઘ
(C) સુશ્રી સુલક્ષણા નાઈક (D) શ્રી મદન લાલ
(A)

6. BCCI દ્વારા રચાયેલી નવી ક્રિકેટ સલાહકાર સમિતિની મુદત કેટલા વર્ષ સુધીની છે ?
(A) 1 વર્ષ (B) 2 વર્ષ (C) 3 વર્ષ (D) અનિશ્ચિત સમય સુધીની
(A)

7. ભારતમાં ભારતના કયા રાજ્યમાં કોરોના વાયરસનો પ્રથમ કેસ નોંધાયો છે ?
(A) કેરળ (B) આંધ્રપ્રદેશ (C) કર્ણાટક (D) તમિલનાડુ
(A)

8. ચીનના કયા શહેરમાં તાજેતરમાં જોવા મળેલા કોરોના વાયરસનો પ્રથમ કેસ નોંધાયો હતો ?
(A) શેનઝેન (B) તિયાનજિન (C) વુહાન (D) સુઝોઉ
(C)

9. તાજેતરમાં ચીનના કયા પ્રાંતના વુહાન શહેરમાં કોરોના વાયરસનો પ્રથમ કેસ નોંધાયો હતો ?
(A) હૈનન (B) હુબઈ (C) જિયાંગ્ઝુ (D) હુનાન
(B)

10. તાજેતરમાં ચીનમાં જોવા મળેલા કોરોના વાયરસને ચીનના વૈજ્ઞાનિકોએ શું નામ આપ્યું છે ?
(A) Novel CoronaVirus 2019 અથવા nCoV - 2019
(B) New CoronaVirus 2019 અથવા nCoV - 2019
(C) Nagative CoronaVirus 2019 અથવા nCoV - 2019
(D) Next CoronaVirus 2019 અથવા nCoV - 2019
(A)

11. કઈ સંસ્થા દ્વારા કોરોના વાયરસને 'ગ્લોબલ હેલ્થ ઈમરજન્સી' જાહેર કરવામાં આવી છે ?
(A) WEF (B) UNESCO (C) WHO (D) UN
(C)

12. કઈ ચેપી વસ્તુ ખાવાને કારણે કોરોના વાયરસનો ચેપ લાગતો હોવાનું કહેવાય છે ?
(A) Junk Food (B) Street Food (C) Soul Food (D) Seafood
(D)

13. ભારતમાં કોરોના વાયરસના નિદાન માટે લોહીના નમૂનાની તપાસ કઈ જગ્યાએ આવેલી 'નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ વાયરોલોજી' ખાતે કરવામાં આવે છે ?
(A) દિલ્હી (B) મુંબઈ (C) બેંગાલુરુ (D) પૂણે
(D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

## CURRENT AFFAIRS

### ➤ રાજકોટના પ્રદ્યુમનપાર્કમાં ભારતના પ્રથમ ઝૂ ઈન્ટરપ્રિટેશન સેન્ટરનો પ્રારંભ

ગુજરાતમાં રાજકોટના પ્રદ્યુમનપાર્ક પ્રાણી સંગ્રહાલય ખાતે ઝૂ ઈન્ટરપ્રિટેશન સેન્ટરનો પ્રારંભ થયો છે. રાજકોટના પ્રદ્યુમનપાર્કમાં શરૂ થયેલું આ ઝૂ ઈન્ટરપ્રિટેશન સેન્ટર ભારતનું પ્રથમ ઝૂ ઈન્ટરપ્રિટેશન સેન્ટર છે. આ ઝૂ ઈન્ટરપ્રિટેશન સેન્ટરમાં ઝૂ ગેલેરી, ગીરની ઝાંખી, સ્તનધારી પ્રાણીઓ, પક્ષી જગત, સરીસૃપ અને કચ્છ દર્શન એમ કુલ છ ગેલેરી બનાવી પ્રાણીજગતની સંપૂર્ણ વિગતો રજૂ કરવામાં આવી છે.

### ➤ રાજકોટમાં ક્ષત્રિય મહિલાઓના તલવાર રાસને મળ્યું ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન

30 જાન્યુઆરી, 2020ને વસંત પંચમીના રોજ રાજકોટના રાજ પરિવારના 17મા ઠાકોર સાહેબ તરીકે શ્રી માંધાતાસિંહજી જાડેજાનો રાજતિલક અને રાજ્યાભિષેક સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજાને રાજતિલક કર્યું હતું. આ સમારોહ અંતર્ગત 28 જાન્યુઆરી 2020ના રોજ રાજકોટના ડ્રાઈવઈન સિનેમા ગ્રાઉન્ડમાં એક સાથે 2136 જેટલી ક્ષત્રિય મહિલાઓએ લગભગ 9 મિનિટ અને 46 સેકન્ડ સુધી શૌર્યભેર તલવાર રાસ રજૂ કરીને ગિનીસ બુક અને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું છે. આ અગાઉ વર્ષ 2018માં ભૂચર મોરીના મેદાનમાં 2000 ક્ષત્રિય બહેનોએ તલવાર રાસ રમી આવો રેકોર્ડ સર્જ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ICE ? Questions

- ➤ ભારતના કયા રાજ્યમાં દેશના પ્રથમ ઝૂ ઈન્ટરપ્રિટેશન સેન્ટરનો પ્રારંભ થયો છે ? – ગુજરાત
- ➤ ગુજરાતના કયા પ્રાણી સંગ્રહાલયમાં ભારતના પ્રથમ ઝૂ ઈન્ટરપ્રિટેશન સેન્ટરનો પ્રારંભ થયો છે ? – પ્રદ્યુમનપાર્ક પ્રાણી સંગ્રહાલય, રાજકોટ
- ➤ 30 જાન્યુઆરી, 2020ના રોજ ગુજરાતમાં ક્યાંના રાજ પરિવારના 17મા ઠાકોર સાહેબ તરીકે શ્રી માંધાતાસિંહજી જાડેજાના રાજતિલક અને રાજ્યાભિષેક સમારોહમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ઉપસ્થિત રહ્યા હતા ? – રાજકોટ
- ➤ 28 જાન્યુઆરી, 2020ના રોજ ગુજરાતમાં 2136 જેટલાં ક્ષત્રિય બહેનો દ્વારા કયા શહેરમાં થયેલા તલવાર રાસને 'ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ' અને 'વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ'માં સ્થાન મળ્યું છે ? – રાજકોટ
- ➤ તાજેતરમાં ગુજરાતના રાજકોટ ખાતે 2136 જેટલાં ક્ષત્રિય બહેનોએ તલાવર રાસનો 'ગિનીસ રેકોર્ડ' સર્જ્યો છે...અગાઉ આ રેકોર્ડ કઈ જગ્યાએ યોજાયેલા તલાવર રાસને નામે હતો ? – ભૂચર મોરીનું મેદાન, ધ્રોલ (જામનગર)

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. 'ખેલો ઈન્ડિયા યૂથ ગેમ્સ'ની જેમ ભારતમાં પ્રથમ 'ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ'નું આયોજન ક્યાં થશે ?
– કટક અને ભૂવનેશ્વર (ઓડિશા)
(ભારતમાં ઓડિશાના કટક અને ભૂવનેશ્વર ખાતે 22 ફેબ્રુઆરીથી 1 માર્ચ, 2020 દરમિયાન પ્રથમ 'ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ' યોજાશે.)

2. 25 જાન્યુઆરી 2020ના રોજ ભારતમાં કેટલામા 'રાષ્ટ્રીય મતદાતા દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી ?
– 10મા

3. 25 જાન્યુઆરી 2020ના રોજ ગુજરાતમાં રાજ્યકક્ષાના 'રાષ્ટ્રીય મતદાતા દિવસ'ની ઉજવણી ક્યાં કરવામાં આવી હતી ? – ગાંધીનગર
(ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં આ ઉજવણી કરવામાં આવી હતી.)

4. મહાત્મા ગાંધીજીની 150મી જન્મજયંતીની ઉજવણીના ભાગ રૂપે ગુજરાતમાં કઈ સંસ્થા દ્વારા 'બાપુ સ્કૂલ મેં' શિર્ષક હેઠળ એક મહાઅભિયાન શરૂ કરવામાં આવ્યું હતું ?
– IITE અથવા તો Indian Institute of Teacher Education, ગાંધીનગર
(IITE દ્વારા 26થી 31 જાન્યુઆરી, 2020 દરમિયાન હાથ ધરાયેલા આ મહાઅભિયાનનો શુભારંભ ગુજરાતના શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્ર સિંહ ચૂડાસમાએ કરાવ્યો હતો.)

5. ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના હસ્તે ગુજરાતના કયા જિલ્લાના કલેક્ટર શ્રી સી. આર. ખરસાણને ગુજરાતના શ્રેષ્ઠ જિલ્લા ચૂંટણી અધિકારીના એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે ? – વલસાડ
(ગુજરાતમાં ગાંધીનગર ખાતે યોજાયેલા 10મા 'રાષ્ટ્રીય મતદાર દિવસ'ની ઉજવણીના સમારોહમાં તેમને આ એવોર્ડ એનાયત થયો હતો.)

6. ગુજરાતના તમામ જિલ્લાઓમાં ગુજરાત પોલીસના કયા પ્રોજેક્ટ અંતર્ગત કુલ 7000થી વધુ CCTV કેમેરા કાર્યરત થઈ ગયા છે ? – 'વિશ્વાસ' પ્રોજેક્ટ

7. માર્ચ 2019 દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે પ્રાયોગિક ધોરણે ગુજરાતના 7 જિલ્લાઓમાં ક્યાંથી 'વિશ્વાસ' પ્રોજેક્ટનો શુભારંભ કરવામાં આવ્યો હતો ? – પાલનપુર

8. જાન્યુઆરી 2020 દરમિયાન ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતેથી ગુજરાતમાં કોના દ્વારા 'વિશ્વાસ પ્રોજેક્ટ'નો રાજ્ય વ્યાપી શુભારંભ થયો હતો ? – શ્રી અમિત શાહ

9. 'વિશ્વાસ પ્રોજેક્ટ' અંતર્ગત ગુજરાતના તમામ જિલ્લાઓમાં મોનિટરિંગ માટે કયા નામથી કમાન્ડ કંટ્રોલ સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે ? – નેત્રમ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

10. ‘વિશ્વાસ પ્રોજેક્ટ’ અંતર્ગત ગુજરાતમાં રાજ્યકક્ષાએ મોનિટરિંગ માટે કયા નામથી કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે ? – ત્રિનેત્ર
11. CCTVનું પૂરું નામ શું છે ? – **Closed Circuit Television**
12. તાજેતરમાં ગુજરાતની કઈ સરકારી હોસ્પિટલમાં દર્દીના ખભાનું મુંબઈમાં થ્રી ડી મોડેલ બનાવડાવીને એક શસ્ત્રક્રિયા કરવામાં આવી હતી કે જે ગુજરાતની સરકારી હોસ્પિટલમાં થ્રી ડી બોન મોડલના આધારે થયેલી સંભવતઃ પ્રથમ શસ્ત્રક્રિયા છે ? – **GMERS Medical College and Hospital**, ગોત્રી વડોદરા
13. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં ગુજરાતના કયા શહેરમાં સૌરાષ્ટ્રના સૌથી આધુનિક બસ સ્ટેશનનું લોકાર્પણ કર્યું હતું ? – રાજકોટ
(આ લોકાર્પણ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજકોટમાં બીજા 2 આધુનિક બસ સ્ટેશનનું નિર્માણ કરવામાં આવશે એવી જાહેરાત કરી હતી.)
14. ભારતમાં ‘મહા સુદ સાતમ’ના રોજ કઈ નદીની જન્મજયંતી ઉજવવામાં આવે છે ? – નર્મદા
15. ભારતમાં નર્મદા જયંતી ક્યારે ઉજવવામાં આવે છે ? – મહા સુદ સાતમ
(તાજેતરમાં મહા સુદ સાતમને 1 ફેબ્રુઆરી, 2020ના રોજ અમરકંટક સહિત ભારતમાં આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.)
16. ઈજિપ્તમાંથી મળેલા 3 હજાર વર્ષ જૂના મમીની સ્વર પેટીને આધુનિક થ્રી-ડી પ્રિન્ટીંગ ટેક્નોલોજીની મદદથી રિપેર કરીને કઈ યુનિવર્સિટીના સંશોધકોએ તેમાંથી અવાજ ઉત્પન્ન કર્યો હોવાનું કહેવાય છે ?
– યુનિવર્સિટી ઓફ લંડન
(વ્યક્તિના મૃત્યુ પછી તેના શરીરના અંગોમાંથી અવાજ પેદા કરવાની આ વિશ્વની પ્રથમ ઘટના છે. આ માટે વૈજ્ઞાનિકોએ બ્રિટનના લીડ્સ શહેરના સંગ્રહાલયમાં રહેલા મમીનો ઉપયોગ કર્યો હતો.)
17. તાજેતરમાં ચર્ચામાં રહેલા શ્રી જે.પી. નડ્ડા અથવા તો શ્રી જગત પ્રકાશ નડ્ડાનો જન્મ ભારતના કયા રાજ્યમાં થયો હતો ? – બિહાર
(બિહારના પટના ખાતે જન્મેલા શ્રી જે. પી. નડ્ડાની તાજેતરમાં ભારતીય જનતા પાર્ટી - BJPના 11મા અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી છે.)
18. તાજેતરમાં 800મી ઈન્ટરનેશનલ ક્રિકેટ મેચ જીતનાર વિશ્વના બીજા દેશનું નામ શું છે ? – ઈંગ્લેન્ડ
(1030થી વધુ મેચ જીતીને ઓસ્ટ્રેલિયા આ યાદીમાં પ્રથમ ક્રમે છે.)
19. ગુજરાતની ખાનગી ઈજનેરી કોલેજોમાં રાજ્ય બહારના વિદ્યાર્થીઓથી ખાલી સીટ ભરવાનો 5 ટકાનો નિયમ બદલીને ગુજરાત સરકારે હવે રાજ્ય બહારના વિદ્યાર્થીઓથી કેટલા ટકા સુધીની સીટો ભરવાની છૂટ આપી છે ? – 50 ટકા
20. CAA વિરુદ્ધ પ્રસ્તાવ પાસ કરનાર ભારતનું પ્રથમ રાજ્ય કયું છે ? – કેરળ
(સૌપ્રથમ કેરળ બાદ પંજાબ, રાજસ્થાન અને પશ્ચિમ બંગાળમાં CAA વિરુદ્ધ પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો છે.)
21. એક સાથે CAA, NRC અને NPR વિરુદ્ધ સંયુક્ત પ્રસ્તાવ પસાર કરનાર ભારતનું પ્રથમ રાજ્ય કયું છે ?
– રાજસ્થાન
22. CAAના સમર્થનમાં પ્રસ્તાવ પસાર કરનાર ભારતનું પ્રથમ રાજ્ય કયું છે ? – ગુજરાત
23. તાજેતરમાં ભારતના કયા શહેરમાં યોજાયેલી મ્યુઝિક ઈવેન્ટ ‘ધ ફરગોટન આર્મી : આઝાદી કે લિયે’ આલ્બમ પર એક સાથે 1000 કલાકારોએ પરફોર્મ કરીને ‘ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ’માં નામ નોંધાવ્યું છે ? – મુંબઈ
24. ગુજરાતના કયા મહાનુભાવને વર્ષ 2020નો કળા ક્ષેત્રનો પદ્મ શ્રી પુરસ્કાર એનાયત થયો છે ?
– શ્રી યઝદી નૌશેરવાન કારંજીયા (અથવા તો શ્રી વાય. એન. કારંજીયા)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

25. તાજેતરમાં ભારતમાં કેન્દ્ર સરકારે લગભગ રૂ.80 હજાર કરોડ જેટલા જંગી દેવામાં ડૂબેલી 'એર ઈન્ડિયા'નો કેટલા ટકા હિસ્સો વેચવાની મંજૂરી આપી છે ? – 100 ટકા

26. બ્રાન્ડ ફાઈનાન્સ દ્વારા પ્રસિદ્ધ થયેલી વિશ્વની સૌથી વધુ વેલ્યુએબલ બ્રાન્ડની યાદીમાં પ્રથમ ક્રમે કઈ કંપની છે ? – એમેઝોન

27. બ્રાન્ડ ફાઈનાન્સ દ્વારા પ્રસિદ્ધ થયેલી વિશ્વની સૌથી વધુ વેલ્યુએબલ બ્રાન્ડની 500 કંપનીઓની યાદીમાં ભારતની કંપનીઓમાં કઈ કંપની પ્રથમ ક્રમે છે ? – ટાટા ગ્રૂપ

28. 'ગ્રેમી એવોર્ડ' એ કયા દેશનો સંગીત ક્ષેત્રનો સર્વોચ્ચ એવોર્ડ છે ? – અમેરિકા

29. તાજેતરમાં અમેરિકામાં એનાયત થયેલા ગ્રેમી એવોર્ડમાંથી રેકોર્ડ ઓફ ધ યર, આલ્બમ ઓફ ધ યર, સોંગ ઓફ ધ યર અને બેસ્ટ ન્યુ આર્ટિસ્ટ ઓફ ધ યર...એમ એક સાથે ચારેય મહત્ત્વના એવોર્ડ કોને એનાયત થયા છે ? – સુશ્રી બિલી એલિશ

30. તાજેતરમાં અમેરિકાના કયા પૂર્વ ફર્સ્ટ લેડીને ઓડીયો બુક 'બિકમિંગ' માટે ગ્રેમી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે ? – સુશ્રી મિશેલ ઓબામા

31. સૌથી વધુ આશરે રૂ. 1.58 લાખ કરોડનો ત્રિમાસિક નફો નોંધાવનાર અમેરિકાની પ્રથમ કંપનીનું નામ શું છે ? – એપલ

32. તાજેતરમાં ભારતે કયા દેશમાં સૌપ્રથમ વખત ટી-20 સીરિઝ જીતી છે ? – ન્યુઝીલેન્ડ

33. વિદેશી લીગમાં ફૂટબોલ રમનાર પ્રથમ ભારતીય મહિલા ફૂટબોલર કોણ છે ? – સુશ્રી એન. બાલા દેવી
(મણિપુરમાં જન્મેલા સુશ્રી એન. બાલા દેવી સ્કોટલેન્ડની ફૂટબોલ ક્લબ રેન્જર્સ એફ. સી. તરફથી રમી રહ્યા છે.)

34. ગુજરાત હાઈકોર્ટના કયા જજે ગુજરાતના શહેરોમાં પણ હેલમેટ ફરજિયાત પહેરવાનો ચુકાદો આપ્યો છે ? – ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ એ. જે. શાસ્ત્રીએ

35. કોની અરજીના સંદર્ભમાં ગુજરાત હાઈકોર્ટે ગુજરાતના શહેરોમાં હેલમેટ ફરજિયાત કરવાનો ચુકાદો આપ્યો છે? – શ્રી સંજીવ ઈઝવા (સુરત)

36. ઈન્ટરનેશનલ વન ડે ક્રિકેટમાં બે વખત 6 વિકેટ ઝડપનાર વિશ્વના પ્રથમ બોલર કોણ છે ? – સુશ્રી સુને લસ (Sune Luus)

37. તાજેતરમાં સુશ્રી સુને લસ વન ડે ક્રિકેટમાં બે વખત 6 વિકેટ ઝડપનાર વિશ્વના પ્રથમ બોલર બની ગયા છે...તેમના દેશનું નામ શું છે ? – સાઉથ આફ્રિકા

38. તાજેતરમાં કયા ફૂટબોલરે વિશ્વમાં સૌથી વધુ ઈન્ટરનેશનલ ફૂટબોલ ગોલ કરવાનો રેકોર્ડ સર્જ્યો છે ? – સુશ્રી ક્રિસ્ટિન સિંકલેર

39. તાજેતરમાં કોનો રેકોર્ડ તોડીને સુશ્રી ક્રિસ્ટિન સિંકલેરે વિશ્વમાં સૌથી વધુ 185 ઈન્ટરનેશનલ ફૂટબોલ ગોલ કરવાનો રેકોર્ડ સર્જ્યો છે ? – સુશ્રી એબી વેમબેક (અમેરિકા)

40. કયા દેશના મહિલા ફૂટબોલર સુશ્રી ક્રિસ્ટિન સિંકલેરે સૌથી વધુ ઈન્ટરનેશનલ ફૂટબોલ ગોલ કરવાનો રેકોર્ડ સર્જ્યો છે ? – કેનેડા

41. ઈન્સ્ટાગ્રામ પર 20 કરોડથી વધુ ફોલોઅર્સ ધરાવનાર વિશ્વના પ્રથમ વ્યક્તિ કોણ છે ? – શ્રી ક્રિસ્ટિયાનો રોનાલ્ડો

42. અમેરિકામાં ભારતના નવા રાજદૂત તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી તરનજીતસિંહ સંધુ

43. તાજેતરમાં કયા શબ્દને 'ઓક્સફોર્ડ 2019 હિન્દી વર્ડ ઓફ ધ યર' જાહેર કરવામાં આવ્યો છે ? – સંવિધાન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## સૌથી વધુ ઉમેદવારોને સૌથી ઊંચી સફળતા અપાવનાર સંસ્થા

2020

# ICE®

**INSTITUTE FOR COMPETITIVE EXAMS**

## A COACHING CLASS FOR GOVERNMENT JOB

### ગાંધીનગર

Gh-2, Sector-6, 2nd Floor,
Near Iscon Gathiya,
Gandhinagar-382006

**CALL : 81406-01110 / 81407-01110**

### રાજકોટ

**HEAD OFFICE**
SHREE SADGURU SHOPPING CENTRE,
2nd FLOOR, Nr. AKSHAR MANDIR, OPP. TIRUPATI
PETROL PUMP, KALAWAD ROAD, RAJKOT

**MO. 93757-01110 / 93280-01110**

### જૂનાગઢ

Perry Plaza Complex, 2nd Floor,
Near Alkapuri Society, Zanzarda
Road, Junagadh - 3620001

**CALL : 76985-01110/76986-01110**

### અમદાવાદ

127, Ratna Business Square, Old Natraj
Cinema, Opp. H.K. Collage, Ashram Road,
Ahmedabad - 380009

**CALL : 8469501110/8469601110**

## ALL TYPE OF COMPETITIVE EXAMS

- GPSC
- STI
- PI
- PSI/ASI
- Dy. S.O.
- Dy.MAM.
- TALATI
- CONSTABLE
- IBPS
- SBI
- PO
- CLERK

Website iceonline.in | JOIN TELEGRAM t.me\icerajkotofficial | YouTube icerajkot | Facebook icerajkot | INSTAGRAM icerajkot